# MEDIA COVERAGE

| Publication: | Divya Bhaskar | Date: | 13-9-08 |
|---|---|---|---|
| Edition: | mumbai | Place: | |

# રામ અને સીતાને અવાજ આપશે મનોજ-જૂહી

**એનિમેશન ફિલ્મો માટે પૌરાણિક વિષયો પર નિર્માતા-દિગ્દર્શકો પસંદગી ઉતારી રહ્યાં છે. આવામાં, રામાયણ પર વધુ એક એનિમેશન ફિલ્મ બની રહી હોવાના સમાચાર છે. આ ફિલ્મમાં રામના પાત્રને મનોજ બાજપાઈ તો સીતાના કિરદારને જૂહી ચાવલા અવાજ આપવાની છે. રાવણ અને હનુમાનનો અવાજ અનુક્રમે આશુતોષ રાણા અને મુકેશ રિશી આપશે**





**આશિષ ભીન્ડે** | મુંબઇ

એનિમેશન ફિલ્મો આજકાલ ઈન થિંગ છે. એકાદ-બે અપવાદ સિવાય લગભગ તમામ નિર્માતા પૌરાણિક વિષયો પર જ આ પ્રકારની ફિલ્મો બનાવે છે. હનુમાન, શ્રીકૃષ્ણ, શ્રીગણેશજી, ભીમ અને ઘટોત્કચ બાદ રામાયણ પર વધુ એક એનિમેશન ફિલ્મ બની રહી છે.

માયા એન્ટરટેઈન્ટમેન્ટ નિર્મિત આ ફિલ્મ હાલ નિર્માણાધીન છે પણ રામ-સીતા, હનુમાન અને રાવણનાં પાત્રોને અવાજ આપવા માટે કલાકારોની પસંદગી કરી લેવાઈ છે. મનોજ બાજપાઈ રામને, જૂહી ચાવલા સીતાને તો આશુતોષ રાણા લંકાપતિ રાવણના પાત્રને અવાજ આપશે. ફિલ્મનું સંગીત પંડિત જસરાજના દીકરા સારંગદેવ પંડિતે આપ્યું છે.

'એનિમેશન સ્વરૂપના ગણપતિની ફિલ્મ આવી ત્યારે હું મારા બાળકોને એ ફિલ્મ જોવા લઈ ગયેલી. એ પછી હનુમાન પર ફિલ્મ આવી તો એ જોવા પણ હું બાળકોને લઈ ગયેલી. દરેક માતા ઈચ્છે છે કે એના બાળકો એનિમેશન ફિલ્મ દ્વારા પણ આપણા સાંસ્કૃતિક વારસાને જાણે. બસ, આ કારણસર જ હું આ ફિલ્મ સાથે સંકળાઈ છું.'' જૂહી ચાવલાએ જણાવ્યું હતું. જૂહીએ ફિલ્મનો પ્રોમો જોયો અને એનિમેશનનું સ્તર જોઈ એ ફિલ્મ સાથે સંકળાવા તૈયાર થઈ ગયેલી. તો મનોજ બાજપાઈએ કહ્યું કે રામનું પાત્ર ભજવવાની મારી નાનપણની ઈચ્છા આ રીતે પૂરી થઈ એનો આનંદ છે. નોંધનીય છે કે કોરિયોગ્રાફર ગણેશ આચાર્યની ફિલ્મ 'સ્વામી'માં પતિ-પત્નીનું કિરદાર ભજવનાર મનોજ-જૂહી ફરી પતિ-પત્નીના પાત્રોને અવાજ આપશે. 'એનિમેશન ઈન્ડસ્ટ્રીમાં હાલ તેજી છે અને ભારતનને આ ક્ષેત્રે આગળપડતું સ્થાન લેવાની તક છે. ૨૦૦૬માં આ ક્ષેત્રે વર્ષે દસ અબજ રૂપિયાની ઘલપાથલ થતી. આવનારા ત્રણ વર્ષમાં આ આંકડો ચાળીસ અબજ રૂપિયાને આંબી જશે. આ ફિલ્મ ચાલુ વર્ષના અંતે પૂરી થઈ જશે અને આવતા વર્ષે રિલીઝ થશે,' માયાના બિઝનેસ ડેવલપમેન્ટના ઈવીપી જય નટરાજને જણાવ્યું હતું.